## (1) STARS પ્રોજેક્ટ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) અહીં STARSનું પૂરું નામ Strengthening Teaching-Learning and Results for States છે.

(2) આ પ્રોજેક્ટમાં યુનિસેફ દ્વારા પણ ફંડીંગ કરવામાં આવેલું છે.

(3) આ પ્રોજેક્ટ શિક્ષણ મંત્રાલય હેઠળનો છે.

(4) તેનો ઉદ્દેશ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, 2020ના હેતુઓ સાથે બંધ બેસે છે.

(A) માત્ર (1), (2) અને (3) (B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (1), (3) અને (4) (D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટ દ્વારા STARS પ્રોજેક્ટના અમલીકરણ માટે મંજૂરી આપવામાં આવી છે.

⇛ આ પ્રોજેક્ટનો ખર્ચ 5718 કરોડ છે, જે પૈકી 3700 કરોડ રૂપિયા વર્લ્ડ બેંક દ્વારા ફાળવવામાં આવ્યા છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ અહીં, STARSનું પૂરું નામ Strengthening Teaching-Learning and Results for States છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ પ્રોજેક્ટ શિક્ષણ મંત્રાલયના શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ હેઠળનો છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ પ્રોજેક્ટનો ઉદ્દેશ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, 2020ના હેતુઓ સાથે બંધ બેસે છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ આ પ્રોજેક્ટ દ્વારા ભારત PISA સર્વેમાં ભાગ લેશે ઉપરાંત તેનું ફંડીંગ પણ આપશે. PISAનું પૂરું નામ પ્રોગ્રામ ફોર ઈન્ટરનેશનલ એસેસમેન્ટ છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકાર પરિષદ (UNHRC) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તાજેતમાં પાકિસ્તાન આ પરિષદમાં સભ્યપદ માટેના 3 વર્ષ માટે ફરી ચૂંટાયું છે.
(2) આ પરિષદમાં 47 ચૂંટાયેલા સભ્યો હોય છે.
(3) પરિષદ વિશ્વમાં થયેલાં માનવ અધિકારના ભંગના કિસ્સામાં ઈન્વેસ્ટીગેશન કરી શકતી નથી.
(4) તેનું વડુંમથક પેરીસમાં આવેલું છે.

(A) આપેલ તમામ
(B) માત્ર (1) અને (2)
(C) માત્ર (2), (3) અને (4)
(D) માત્ર (3)

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ 1 જાન્યુઆરી, 2018થી પાકિસ્તાન UNHRCનું સભ્ય છે. આ સભ્યપદ માટે તે તાજેતરમાં ફરીથી 3 વર્ષ માટે ચૂંટાયું છે. આ 3 વર્ષની શરૂઆત 1 જાન્યુઆરી, 2021થી થશે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ UNHRCનું સ્થાપના વર્ષ 2006માં થઈ હતી તથા તેનું વડુંમથક જીનીવા શહેરમાં આવેલું છે. (આથી, વિધાર (4) ખોટું છે.)

⇛ UNHRCનો ઉદ્દેશ :

- વિશ્વમાં માનવ અધિકારને પ્રોત્સાહન આપવું તથા તેનું સંરક્ષણ કરવું.
- માનવ અધિકારના ભંગની ઘટનામાં ઈન્વેસ્ટીગેશન કરવું (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ UNHRCમાં વિશ્વના 5 સ્થાનિક સમૂહોમાંથી કુલ 47 સભ્યોની ચૂંટણી કરવામાં આવે છે. સભ્યોનો કાર્યકાળ 3 વર્ષ હોય છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ UNHRCમાં સભ્ય બનવા માટે સંયુક્ત રાષ્ટ્રના 191 સભ્યોમાંથી 96 દેશોનો મત મળવો અનિવાર્ય છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**(3) ગ્રેટર વન-હોર્નડ્ રાઈનો (એક શિંગી ગેંડા) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) 2019નું 'ન્યુ દિલ્હી ડિકલેરેશન' ગેંડા સાથે સંબંધ ધરાવે છે.

(2) 'ભારતીય ગેંડા'નું IUCN સ્ટેટસ ગંભીર રીતે ખતરામાં (Critically Endangered) છે.

(3) ભારતમાં દરેક ગેંડાનું DNA પ્રોફાઈલીંગ કરવાનો એક પ્રોજેકટ તાજેતરમાં શરૂ થયેલો છે.

(4) ભારતમાં ગેંડાના સંરક્ષણ માટે 'રાષ્ટ્રીય ગેંડા સંરક્ષણ સ્ટ્રેટેજી' પણ કાર્યરત છે.

(A) માત્ર (1), (2) અને (3) (B) માત્ર (2) અને (3)

(C) માત્ર (1), (3) અને (4) (D) માત્ર (2) અને (4)

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં વર્લ્ડ વાઈલ્ડ લાઈફ ફંડે એક શિંગી ગેંડામાં જોવા મળતાં ચેપ વિશેનો એક રિપોર્ટ બહાર પાડેલો છે.

⇛ એશિયાઈ ગેંડાની મુખ્ય 3 પ્રજાતિઓ તથા તેના IUCN સ્ટેટસ નીચે મુજબ છે :

- એક શિંગી ગેંડો / ભારતીય ગેંડો – જોખમી (Vulnerable)
- સુમાત્રન ગેંડો – ગંભીર રીતે ખતરામાં
- જાવાન ગેંડો – ગંભીર રીતે ખતરામાં

(આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ ગેંડાનો વિસ્તાર ધરાવતાં 5 દેશોએ (ભારત, ભૂતાન, નેપાળ, ઈન્ડોનેશિયા, મલેશિયા) ગેંડાના સંરક્ષણ માટે 2019માં 'ન્યુ દિલ્હી ડિકલેરેશન ઓન એશિયન રાઈનોસ' પર હસ્તાક્ષર કરેલાં છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ ગેંડાના સંરક્ષણમાં ભારતના પ્રયાસો :

- પર્યાવરણ મંત્રાલય દ્વારા દરેક ગેંડાના DNA પ્રોફાઈલીંગનો પ્રોજેકટ
- રાષ્ટ્રીય ગેંડા સંરક્ષણ સ્ટ્રેટેજી
- ઈન્ડિયન રાઈનો વિઝન 2020

(આથી, વિધાન (3) અને (4) સાચાં છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(4) નીચેનામાંથી કયા-કયા રિપોર્ટ/સંસ્થા/સંધિ FAO (Food and Agriculture Organization) સાથે સંબંધ ધરાવે છે ?**

(1) ગ્લોબલ રિપોર્ટ ઓન ફુડ ક્રાઈસીસ

(2) સ્ટેટ ઓફ ધ વર્લ્ડ્સ ફોરેસ્ટ

(3) રોમ ડિક્લેરેશન

(4) ઈન્ટરનેશનલ પ્લાન્ટ પ્રોટેક્શન કન્વેન્શન

(A) માત્ર (1) (B) માત્ર (1) અને (3)

(C) માત્ર (2), (3) અને (4) (D) આપેલ તમામ

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ FAO તેની 75મી વર્ષગાંઠ ઉજવી રહયું છે. આ દરમિયાન તેના દ્વારા જાહેર થતાં મુખ્ય રિપોર્ટ તથા તેને સંબંધી મુખ્ય સંધિઓ નીચે મુજબ છે.

- ગ્લોબલ રિપોર્ટ ઓન ફુડ ક્રાઈસીસ
- દર બે વર્ષે પ્રસિદ્ધ થતો સ્ટેટ ઓફ ધ વર્લ્ડ્સ ફોરેસ્ટ
- 1996માં FAOએ વર્લ્ડ ફુડ સમીટનું આયોજન કર્યું હતું. તેના પરિણામ સ્વરૂપ 'રોમ ડિક્લેરેશન' પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.
- વર્ષ 2004માં રાઈટ ટુ ફુડ ગાઈડલાઈન્સ અપનાવવામાં આવી હતી.
- 1952માં FAOએ ઈન્ટરનેશનલ પ્લાન્ટ પ્રોટેક્શન કન્વેન્શન (IPPC)ની સ્થાપના કરી હતી.
- GIAHS પહેલ વર્ષ 2002માં અસિતત્વમાં આવી હતી. (Globally Important Agricultural Heritage Systems)

(આથી, દરેક વિધાન સાચાં છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (5) 'ન્યુ શેફર્ડ' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) તે પર્યટકોને અવકાશમાં લઈ જવા માટેની રોકેટ સિસ્ટમ છે.
(2) તે ટેસ્લા કંપની સાથે સંબંધ ધરાવે છે.
(3) તે અવકાશમાં 1 પ્રકાશવર્ષ દૂર જવાની ક્ષમતા ધરાવે છે.
(4) રોકેટનું નામ અવકાશમાં જનાર પ્રથમ અમેરિકનના નામ પરથી રાખવામાં આવ્યું છે.

(A) માત્ર (1) અને (4)
(B) માત્ર (1) અને (2)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં ન્યુ શેફર્ડ નામની રોકેટ સિસ્ટમનું સાતમી વખત પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

⇛ તે પર્યટકોને અવકાશમાં લઈ જવા માટેની એક રોકેટ સિસ્ટમ છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ સિસ્ટમનું નિર્માણ એમેઝોનના સ્થાપક જેફ બેઝોઝની અન્ય સ્પેસ કંપની 'બ્લૂ ઓરીજિન' દ્વારા કરવામાં આવ્યું છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ અવકાશમાં જનાર પ્રથમ અમેરિકન 'અલાન શેફર્ડ' હતાં. તેમના નામ પરથી જ આ રોકેટનું નામ રાખવામાં આવ્યું છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ તે અવકાશમાં 100 km દૂરની ઉડાન કરી શકે છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

Facebook

like | comment | share

ICE RAJKOT

twitter

ICE RAJKOT